# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) **સુરત ઈકોનોમિક રિજિયનને રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે એક હજાર 185 કરોડ રૂપિયાના કામોને સરકારની મંજૂરી**
2) **મુખ્યમંત્રીએ અમદાવાદમાં ઘાટલોડિયા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનના લોકાર્પણ સહિત વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું**
3) **નવસારીના ગણદેવી તાલુકામાંથી પસાર થનારા ન્યુ લિંક ધોલાઈ–માસા–કૃષ્ણપુર રોડના કામનું ખાતમુહૂર્ત કરતા કેન્દ્રીય જળ શક્તિ મંત્રી**
4) **સમગ્ર રાજ્યમાં આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણી**
5) **ટી-20 વર્લ્ડ કપની ફાઇનલ મેચમાં ન્યુઝીલેન્ડએ ટોસ જીતીને ભારતને બેટિંગ સોંપી**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

DESK

# CM SURAT REGION

દક્ષિણ ગુજરાતના ગ્રોથ હબ તરીકે સુરત ઈકોનોમિક રિજિયન SERને રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે સૌ પ્રથમ 1185 કરોડ રૂપિયાના કામોને સરકારે મંજૂર કર્યા છે..મુખ્યમંત્રીએ રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે SERના પાંચ જિલ્લાઓમાં કુલ 383 કિલોમીટરના 24 કામો માટે આ નાણા મંજૂર કરવામાં આવ્યાં છે.આ રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનના પરિણામે સુરત, તાપી, વલસાડ, ભરૂચ અને નવસારી જિલ્લાના મુખ્ય ઔદ્યોગિક હબ અને જી.આઇ.ડી.સી. વિસ્તારોને જોડતા માર્ગોની સુધારણા થવાથી લોજિસ્ટિક કાર્યક્ષમતા વધશે અને માલસામાન તથા શ્રમિકોની અવર-જવર વધુ સુગમ થશે. એટલું જ નહીં ટેક્સટાઇલ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝના વિકાસને મજબૂતી મળશે.

# CM LOKARPAN

અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પોતાના મત વિસ્તારમાં કરોડોના વિકાસ કામોની ભેટ ધરી છે. SG હાઈવે પર ગુરુદ્વારા પાસે પશ્ચિમ વિસ્તારના રહીશોની સુવિધા માટે સબ ઝોનલ ઓફિસનું લોકાર્પણ કરવાની સાથે ઘાટલોડિયામાં 55.31 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત શહેરની સૌથી મોટી 2.50 કરોડ લિટર ક્ષમતાની ભૂગર્ભ પાણીની ટાંકી જનતા માટે ખુલ્લી મૂકી છે.

આ સુવિધાથી ઘાટલોડિયા અને તેની આજુબાજુના સવા લાખથી વધુ શહેરીજનોને પીવાનું શુદ્ધ પાણી મળશે. અને તમામના ખબરઅંતર પૂછ્યા હતા. આ ઉપરાંત તેમણે ઘાટલોડિયા ખાતે મહેસૂલ વિભાગની સરકારી ચાવડી તથા અન્ન અને નાગરિક પુરવઠા કચેરીનુ ખાતમુહૂર્ત કર્યું હતું.

# CM PATAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતુંકે યુવા શક્તિ સાંસ્કૃતિ પરંપરા સાથે જોડાય તો સમાજનું ભવિષ્ય ઉજ્જવળ બને છે.. તેઓ આજે પાટણ જીલ્લાના પીપરાળામાં વીર આહિર ડગાયચા દાદાના મંદિરના ત્રિદિવસિય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યાં હતા.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

# NAVSARI C R PATIL

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાંથી પસાર થનારા 173.25 કરોડના ખર્ચે નિર્માણ પામનાર ન્યુ લિંક ધોલાઈ–માસા–કૃષ્ણપુર રોડના કામનું ખાતમુહૂર્ત કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. જ્યારે અગાઉ નવસારીના રહેજ ગામે સુજલામ શક્તિ દિવસ નિમિત્તે કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે મહિલા પાણી સમિતિઓને ચેક વિતરણ અને શ્રેષ્ઠ આંગણવાડી સેવિકાઓને 'યશોદા એવોર્ડ'થી સન્માનિત કરાઇ હતી.

મહિલા દિવસની શુભકામનાઓ પાઠવી કેન્દ્રીય જલ શક્તિ મંત્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના આરોગ્ય, શિક્ષણ અને સુરક્ષા માટે અનેક મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

## (બાઇટ- સી આર પાટીલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી)

કેન્દ્રીય મંત્રીએ નવસારીના ખાપરીયા ગામે 3.51 લાખના ખર્ચે નિર્માણ કરાયેલા પરકોલેશન પિટ, બોર ડ્રિલિંગ અને રિચાર્જ પિટની મુલાકાત લેવા ઉપરાંત પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત વોટર હાર્વેસ્ટિંગ અને રૂફટોપ રેન વોટર હાર્વેસ્ટિંગ કામગીરીનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું.

# INTERNATIONAL WOMENS

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વિશેષ કાર્યક્રમો યોજાય હતા

રાજકોટના જસદણમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાના અધ્યક્ષસ્થાને મહિલા સંમેલન તથા સરસ મેળો યોજાયો

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, દ્વારા તેના મુખ્ય ઉપક્રમ “Let’s Talk IPના ત્રીજા સત્રનું આયોજન ગાંધીનગરના પેથાપુરમાં શારદા કેમ્પસ ખાતે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે કરવામાં આવ્યું. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઝુંડાલ ખાતે મેયર મીરા પટેલની ઉપસ્થિતિમાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ વિભાગે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 2026 નિમિત્તે સાબરમતીના કોમ્યુનિટી હોલ ખાતે ઉત્કૃષ્ટ કાર્ય બદલ 34 મહિલા કર્મચારીઓનું સન્માન કર્યું.

દાદરા નગર હવેલી અને દમણ-દીવના રમતગમત અને યુવા બાબતો વિભાગ દ્વારા દમણ અને ખાનવેલમાં રમતગમત

સ્પર્ધાઓયોજાઈ હતી જેમાં આશરે 600 મહિલા ખેલાડીઓએ પ્રતિભા દર્શાવી.

સુરતમાં શેલ્બી હોસ્પિટલમાં ઑન્કોલોજી વિભાગનું ઉદ્ઘાટનકરવામાં આવ્યું. મહિલા દિવસ નિમિત્તે બાઈક રેલીનું આયોજન કરાયું. 9 થી 14 વર્ષની દીકરીઓને સર્વાઇકલ કેન્સર વેક્સિન નિઃશુલ્ક અપાઈ.

મહેસાણામાં આંતરરાષ્ટીય મહિલા દિવસની અનોખી ઉજવણી કરાઇ ઇનર વ્હીલ કલબ અને રોટરી કલબ મહેસાણા દ્વારા માત્ર મહિલાઓ માટે રક્તદાન કેમ્પનું આયોજનકર્યું જેમાં 800 કરતા વધુ મહિલાઓએ રક્તદાન કર્યું

ડાંગ જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં 66 મહિલા ખેડૂતો અને સુબીર ખાતે પણ ૩૫૦થી વધારે મહિલાઓએ ભાગ લીધો હતો.

# Eve Cricket T20 World Cup

ICC પુરુષ ટી ટવેન્ટી ક્રિકેટ વિશ્વકપમાં, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ફાઇનલ મેચ રમાઈ રહી છે. ન્યુ જીલેન્ડએ ટીમે ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું છે. સાંભાળીએ એક અહેવાલ

**(VOICE CAST : AJAY INDREKAR)**

(અમદાવાદમાં રમાઈ રહેલી ફાઈનલ મેચ જોવા માટે દેશના ખૂણે-ખૂણેથી ક્રિકેટરસિયાઓ, બોલિવૂડ સેલિબ્રિટી, દિગ્ગજ ક્રિકેટરો અને ઉદ્યોગપતિઓ આજે સવારથી જ અમદાવાદ આવી પહોંચ્યા હતા. સ્ટેડિયમની બહાર ભારતીય ટીમના ચાહકો મોટી સંખ્યામાં બ્લૂ ટી-શર્ટમાં જોવા મળ્યા હતા. તો બીજીતરફ અમદાવાદના વિવિધ સ્થળોએથી મેટ્રો ટ્રેનમાં ક્રિકેટરસિયાઓ ઉમટી પડ્યા હતા. અમદાવાદ, ગાંધીનગર સહિત રાજ્યના અનેક સ્થળોએ લોકો ક્રિકેટ મેચનું લાઈવ પ્રસારણ મોટી સ્ક્રીન પર જોઈ રહ્યા છે. મેચની સલામતી માટે સ્ટેડિયમની અંદર અને આજુ-બાજુના વિસ્તારોમાં સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

અજય ઈન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

છેલ્લાં મળતા અહેવાલ મુજબ, ન્યુઝીલેન્ડ 3.3 ઓવરમાં વિના વિકેટે 38 રન કર્યા છે.

# BLACK TICKET ARREST

આઇસીસી ટી-20 વિશ્વકપની મેચ અમદાવાદ ખાતે રમાઇ રહી છે. ત્યારે મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમની બહાર મેચની ટિકિટના નિયત કરતાં અનેક ગણા દરે ગેરકાયદે વેચાણ કરનારા આઠ આરોપીઓની પોલીસે અટકાયત કરી હતી.

# SURAT-DUMMAS

સુરત મહાનગરપાલિકા દ્વારા ડુમસ સી ફેઝ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ સહિત 673 કરોડ 12લાખના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા 247 કરોડ 80 લાખના પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સી આર પાટિલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# TAPOVAN VIDHAY VIHAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદમાં તપોવન વિદ્યાવિહારનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.મુખ્યમંત્રીના હસ્તે મુખ્ય દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ વિદ્યાવિહારના વર્ગખંડોની મુલાકાત લીધી હતી.

તપોવન વિદ્યાવિહારના ઉદ્ઘાટન સમારંભમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએજણાવ્યું હતું કે આધુનિક શિક્ષણની અદ્યતન સુવિધાઓ આપતું આ વિદ્યા સંકુલ શિક્ષણની સાથે સાથે સંસ્કાર પણ આપશે. તપોવન વિદ્યાવિહાર પ્રધાનમંત્રીના 'વિકાસ ભી વિરાસત ભી'ના સૂત્રને ચરિતાર્થ કરે છે.